પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર.
ફોન નં.૦૭૯ – ૨૫૬૨૦૦૫૩
E-MAIL : Lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક.જા/૬૫૬/લાયસન્સ શાખા/ 2177 /૨૦૨૪ તા.30/૧૦/૨૦૨૪

## જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કમલ ૩૩(૧)(b), કલમ ૩૩(૧)(U) મુજબ

વંચાણે લીધા: (૧) ગૃહવિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગરના તા:૨૪/૧૦/૨૦૨૪ના ક્રમાંક:- વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઇ-૧૧૨(પા.ફા,-૧) અન્વયે

(૨) નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ ના આદેશ અન્વયે ગૃહ વિભાગના તા:૦૩/૧૧/૨૦૧૮ નાં પરિપત્ર: વિ-૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઇ-૧૧૨

નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં. ૭૨૮/૨૦૧૫ માં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સબંધમાં આપવામાં આવેલ સુચનાઓ અને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નં ૭૨૮/૨૦૧૫માં તા:૨૯/૧૧/૨૦૨૧ ના હુકમ દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચણ અને ઉપયોગ સંદર્ભ આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલ દિશાનિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા:૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા/ઉપયોગ બાબતે પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશાનિર્દેશો આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન GREEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

## ::હુકમ::

વાસ્તે. હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા:૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફિકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા:૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર:જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઑફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

1. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

2. ભારે ધોંધાટવાળા ફટાકડા સ્વાસ્થ માટે ખુબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ધન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint firecrackers, series crackers or laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

3. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા:૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

4. તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

5. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

6. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે, તેમાં ફટાકડા રાત્રીના ક: ૦૮/૦૦ થી રાત્રીના ક:૧૦/૦૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નુતન વર્ષના તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રે ક:૨૩/૫૫ થી ક: ૦૦/૩૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે.

7. હાનીકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને અન્ય ધ્વની સ્તર (decibal level) વાળા ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO" ની સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.

8. હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

9. કોઇ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત/રાખી/વેચાણ કરી શકાશે નહીં.

10. લોકોને અગવડ ઊભી ન થાય કે, કોઈપણ ભયજનક પરિસ્થિતનું નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇમથકની નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

11. કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહિ.

::પ્રતિબંધિત વિસ્તાર::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર

::અમલવારીનો સમય::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા:૩૦/૧૦/૨૦૨૪ ના કલાક:૦૦/૦૦ થી તા:૨૪/૧૧/૨૦૨૪ ના કલાક:૨૪/૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

::શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૨ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: જાહેર વિજ્ઞપ્તિ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી જોઇ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પિકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટ્સ તેમજ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરાવવી. પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ.૩૦/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE A'BAD CITY

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

તા:૩૦/૧૦/૨૦૨૪
સ્થળ: અમદાવાદ

નકલ સવિનય રવાના :-

(૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુભાષબ્રિજ, અમદાવાદ
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.(૫ નકલ)

(૭) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર. (૨૫ નકલ)
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૯) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સિવીલ અને મેટ્રોપોલિટનની કોર્ટ, અમદાવાદ શહેર
(૧૦) સિનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
(૧૧) માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર (૨ નકલ)

<u>નકલ રવાના:-</u>
(૧) ખાસ પોલીસ કમિશનરશ્રી, વિશેષ શાખા/સેક્ટર-૨, અમદાવાદ શહેર.
(૨) સંયુક્ત પો.કમિ.શ્રી, ટ્રાફિક, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર
(૩) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, અમદાવાદ શહેર
(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર
(૪) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, અમદાવાદ શહેર
(૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એ થી એન ડિવિઝન, અમદાવાદ શહેર.
(૬) જન સંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
(૭) તમામ પોલીસ ઇન્સપેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
/- જાણ સારૂ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૮) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક(વહિવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ)
/- ટ્રાફિક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.